ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570111 WhatsApp : 8866570111 Email : krcscbvn@gmail.com Website : www.krcscbhavnagar.org

**અખબાર યાદી આપના/ની પ્રસિદ્ધ અખબાર/ચેનલમાં વિનામૂલ્યે પ્રકાશિત કરવા વિનંતી સહ.**

Date: 20th May, 2022

પ્રતિ,
તંત્રી શ્રી,
.........................................,
ભાવનગર.

## રજા ની મજા સાથે એક કદમ જ્ઞાન તરફ...

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા

## પાંચ દિવસીય વેકેશન વર્કશોપનો આવતીકાલથી શુભારંભ

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી, ગાંધીનગર દ્વારા લોક વિજ્ઞાન કેન્દ્રો સ્થાપિત કરવામાં આવ્યા છે. જે અંતર્ગત ભાવનગર જિલ્લામાં સાયન્સ (વિજ્ઞાન), ટેક્નોલોજી, એન્જીન્યરીંગ અને મેથ્સ (ગણિત) અને ખગોળ વિજ્ઞાન વિગેરેનો સૈદ્ધાંતિક અને પ્રાયોગિક પ્રચાર-પ્રસાર દ્વારા લોક ભોગ્ય બનાવવા હેતુ કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર પ્રેરિત GUJCOST માન્ય કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વર્ષ ૨૦૦૨થી કાર્યરત છે.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર શાળા તથા કોલેજ કક્ષાએ પ્રાયોગિક માધ્યમ દ્વારા વેકેશન સમયમાં પણ અવનવા કાર્યક્રમ કરતુ રહ્યું છે. રમતા રમતા વિજ્ઞાનના વિરાટ સિદ્ધાંતોને સરળ સ્વરૂપે પ્રયોગાત્મક રીતે સમજી પોતાની જીજ્ઞાસાવૃત્તિને સંતોષી શકે, પોતાનામાં રહેલા નવા વિચારોને યોગ્ય દિશા તરફવાળી શકે અને સ્વયંમાં રહેલા અદ્ભુત સાહસ અને ધીરજ જેવા ગુણો કેળવી શકે તે હેતુ સહ લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર વિવિધ વિષયો આધારિત વિવિધ વર્કશોપોનું શ્રેણીબદ્ધ આયોજન કરવામાં આવી રહ્યું છે.

વેકેશન વર્કશોપ શ્રેણી અંતર્ગત તા.૨૧-૦૫-૨૦૨૨ થી તા.૨૫-૦૫-૨૦૨૨ દરમ્યાન કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંસ્કારમંડળ ખાતે સાંજે ૫ થી ૬:૩૦ કલાક દરમ્યાન 1. Let's Fly with Paper Wings, 2. One Touch of Technology, 3. Home Chemistry, 4. MatheMagic, 5. Reboot Your Mind વિષયો પર વિવિધ પ્રાયોગિક કૌશલ્ય જ્ઞાન વર્ધક મોડેલ મેકિંગ કરાવવામાં આવશે.

આ વર્કશોપમાં ધોરણ – ૬ થી ૧૨માં અભ્યાસ કરતા નામ નોંધણી થયેલ બાળકો નિ:શુલ્ક ભાગ લઇ શકશે જેમને પોતાના નામની યાદી www.krcscbhavnagar.org પર જોઇને વિશેષ સૂચનાઓ ધ્યાને લઈને લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર સંસ્કારમંડળ ખાતે આપેલ સમય પર અચૂકપણે હાજર રહેવાનું રહેશે.

20/5/22

(હર્ષદ જોષી)
કો-ઓર્ડિનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.